Extra No. 78

REGISTERED NO. L2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂ.૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LIV] MONDAY, APRIL 15, 2013/CAITRA 25, 1935

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than Those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૨૦૧૩.

તારીખ : ૧૫મી એપ્રિલ, ૨૦૧૩ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. એમ. ભાવસાર,**
સરકારના નાયબ સચિવ.

**GUJARAT ACT NO. 16 OF 2013.**

# THE GUJARAT(RIGHT OF CITIZENS TO PUBLIC SERVICES) ACT, 2013.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૩ના એપ્રિલ** મહિનાની **૧૨મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**સી. જે. ગોઠી,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

**GUJARAT ACT NO. 16 OF 2013**

**AN ACT**

*to lay down an obligation upon every public authority to render public services within the prescribed time limit and provide for a grievance redressal mechanism to citizens for non-compliance and for the matters connected therewith or incidental thereto.*

**સન ૨૦૧૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૬.**

**(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૩ના એપ્રિલ મહિનાની ૧૫મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)**

*ઠરાવેલી સમય-મર્યાદામાં જાહેર સેવાઓ પૂરી પાડવાની દરેક જાહેર સત્તામંડળની જવાબદારી નક્કી કરવા અને તેનું પાલન ન કરવામાં આવે તેવા સંજોગોમાં નાગરિકો માટે ફરિયાદ નિવારણ તંત્ર પૂરું પાડવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.*

આથી, ભારતના ગણરાજયના ચોસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

## પ્રકરણ ૧
## પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે અને અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,- **વ્યાખ્યા.**

(ક) ''સત્તામંડળ'' એટલે કલમ ૧૨ની પેટા-કલમ (૧) હેઠળ રચાયેલ રાજ્ય અપીલ સત્તામંડળ;

(ખ) ''ફરિયાદ'' એટલે કલમ ૪ હેઠળ જાહેર કર્યા પ્રમાણેની સેવાઓ પૂરી ન પાડવાને લગતી અથવા જાહેર સત્તામંડળની કામગીરીને લગતી અથવા તેમાંથી ઊભી થતી કોઇ તકરારને લગતી કોઇ નાગરિકે દાખલ કરેલી ફરિયાદ, પણ તેમાં સેવા બજાવતા અથવા નિવૃત્ત જાહેર સેવકની સેવાકીય બાબતને લગતી ફરિયાદનો સમાવેશ થતો નથી;

(ગ) ''દિવસો'' એટલે સમય મર્યાદા-ના સંદર્ભમાં ઉલ્લેખેલ કામકાજના દિવસો;

(ઘ) ''મુકરર સતાધિકારી'' એટલે કલમ ૬ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ ફરિયાદ નિવારણ અધિકારીના દરજ્જાથી ઉપરના દરજ્જાના હોય તેવા જાહેર સત્તામંડળ મુકરર કરે તેવા અધિકારી;

(ચ) ''મુકરર અધિકારી'' એટલે સેવાઓ પૂરી પાડવા માટે કલમ ૫ હેઠળ જેનું નામ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોય તેવા અધિકારી;

(છ) ''ફરિયાદ નિવારણ અધિકારી'' એટલે કલમ ૬ની પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલ ફરિયાદ નિવારણ અધિકારી;

(જ) ''સભ્ય'' એટલે કલમ ૧૨ની પેટા-કલમ (૨) હેઠળ રાજય અપીલ સત્તામંડળના સભ્ય તરીકે નિમાયેલ વ્યકિત;

(ઝ) ''ઠરાવેલું'' એટલે કલમ ૨૯ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ટ) ''જાહેર સત્તામંડળ'' એટલે-

(૧) સંવિધાનથી અથવા તે હેઠળ;

(૨) સંસદે ઘડેલા બીજા કોઇ કાયદાથી;

(૩) રાજય વિધાનમંડળે ઘડેલા કોઇ કાયદાથી;

(૪) રાજય સરકારે બહાર પાડેલા કોઇ જાહેરનામા અથવા કરેલા કોઈ હુકમથી સ્થાપાયેલ અથવા રચાયેલ, સરકારનું કોઈ સત્તામંડળ અથવા મંડળ અથવા સંસ્થા અને તેમાં,-

(ક) રાજય સરકારની માલિકીના, તેના નિયંત્રણ હેઠળના અથવા તેના દ્વારા પૂરા પાડવામાં આવતા ફંડમાંથી મોટા પ્રમાણમાં નાણાં મેળવતા કોઇ મંડળનો;

(ખ) રાજય સરકાર દ્વારા પૂરા પાડવામાં આવતા ફંડમાંથી મોટા પ્રમાણમાં, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નાણાં મેળવતા કોઇ બિન-સરકારી સંગઠનનો;

(ગ) સંવિધાનના અનુચ્છેદ ૧૨ હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણેના ''રાજય''ના માધ્યમ તરીકેની હેસિયત ધરાવતા અને ગુજરાત રાજયમાં જાહેર ઉપયોગિતાની સેવાઓ પૂરી પાડતા કોઇ સંગઠન અથવા સંસ્થાપિત મંડળનો;

સન ૧૯૫૬ના ૧લો.

(ઘ) રાજય જાહેર ક્ષેત્ર અંડરટેકિંગ હોય તેવી કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૬૧૭ હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ સરકારી કંપનીનો,

(ચ) કોઈ કેન્દ્રીય અથવા રાજય અધિનિયમ હેઠળ નાખેલી કોઈ જવાબદારી અનુસાર અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળના કોઈ લાઈસન્સ અથવા અધિકૃતિ હેઠળ, રાજય સરકારને માલ અથવા સેવા પૂરી પાડતી હોય તેવી બીજી કોઈ કંપનીનો, સમાવેશ થાય છે.

(૫) જાહેર-ખાનગી ભાગીદારી (પબ્લિક -પ્રાઈવેટ પાર્ટનરશિપ) અથવા અન્યથા તરીકે રાજય સરકાર અને કોઈ ખાનગી એકમ (ઘટક) વચ્ચેની કબૂલાત અથવા સમજૂતી પત્રથી,સ્થપાયેલ અથવા રચાયેલ, સરકારનું કોઈ સત્તામંડળ અથવા મંડળ અથવા સંસ્થા.

(ઠ) ''સેવા'' એટલે જાહેર સત્તામંડળે પૂરી પાડવાની તમામ વસ્તુઓ અને બજાવવાની સેવાઓ અને તેમાં કાર્યો, દાયિત્વ, જવાબદારી અથવા ફરજનો સમાવેશ થાય છે;

(ડ) ''રાજય'' એટલે ગુજરાત રાજય.

## પ્રકરણ ૨

## સેવા મેળવવાનો અધિકાર

**સેવાઓનો અધિકાર.**

૩. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, દરેક વ્યકિતગત નાગરિકને, સમય-બદ્ધ સેવાઓ મેળવવાનો અને તે અંગેની તેની ફરિયાદના નિવારણનો અધિકાર રહેશે.

## પ્રકરણ ૩

## રાજય સરકારે સેવાઓને જાહેર કરવા બાબત

**રાજય સરકારે સેવાઓ જાહેર કરવા બાબત.**

૪. રાજય સરકાર, વખતોવખત, આ અધિનિયમ જે સેવાઓને લાગુ પડશે તે સેવાઓ અને જે નિયત સમય-મર્યાદામાં એવી સેવાઓ પૂરી પાડવાની રહેશે તે સમયમર્યાદા જાહેર કરી શકશે.

**સેવા આપવા માટે જવાબદાર વ્યક્તિઓના નામ પ્રસિદ્ધ કરવાનું જાહેર સત્તામંડળનું દાયિત્વ.**

૫. જાહેર સત્તામંડળે, કલમ ૪ હેઠળ બહાર પાડેલા જાહેરનામાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, કલમ ૪ હેઠળ જાહેર કરેલી સેવાઓ પૂરી પાડવા માટે જવાબદાર મુકરર અધિકારીઓના નામ અને સરનામાં પ્રસિદ્ધ કરવા જોઈશે.

## પ્રકરણ ૪

## ફરિયાદ નિવારણ અધિકારીઓની નિમણૂક અને તેમનું દાયિત્વ

ફરિયાદ નિવારણ અધિકારીઓની નિમણૂક અને તેમનું દાયિત્વ.

૬. (૧) દરેક જાહેર સત્તામંડળે, કલમ ૪ હેઠળ બહાર પાડેલા જાહેરનામાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાના મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ, નોટિફાઈડ એરિયા, પંચાયતના તમામ વહીવટી એકમો અથવા કચેરીઓમાં અને જ્યાં સેવા આપવામાં આવતી હોય તેવી બીજી કચેરીઓમાં, નાગરિકો દ્વારા કરવામાં આવતી ફરિયાદો સ્વીકારવા, તેની તપાસ કરવા અને તેનું નિવારણ કરવા માટે, ઠરાવવામાં આવે તેવી રીતે, જરૂરી હોય તેટલા અધિકારીઓને ફરિયાદ નિવારણ અધિકારીઓ તરીકે મુકરર કરવા જોઈશે :

પરંતુ આવી રીતે નિમાયેલા ફરિયાદ-નિવારણ અધિકારી, મુકરર અધિકારી કરતાં ઓછામાં ઓછા એક એક સ્તર ઉપરના હોવા જોઈશે અને મુકરર સત્તાધિકારી ઉપર તેનું વહીવટી નિયંત્રણ હોવું જોઇશે.

(૨) દરેક જાહેર સત્તામંડળે, ફરિયાદ-નિવારણ અધિકારીની નિમણૂક કર્યા બાદ તરત જ, તેની કચેરી અથવા કસ્ટમર કેર સેન્ટર અથવા હેલ્પ ડેસ્ક અથવા જન સેવા કેન્દ્ર ખાતે અને વેચાણ કેન્દ્ર (sales outlet), હોય તો, તેમાં, વેબસાઈટ ઉપર અને ફરિયાદ-નિવારણ અધિકારીની કચેરી ખાતે, જે વિસ્તાર માટે ફરિયાદ-નિવારણ અધિકારીની નિમણૂક કરવામાં આવી હોય, તેવા દરેક વિસ્તારના સંબંધમાં, ફરિયાદ-નિવારણ અધિકારીનું નામ, તેમનું સરનામું અને ટેલિફોન નંબર, ઈ-મેઈલ એડ્રેસ, ફેસિમાઈલ નંબર (Facsimile Number) અને તેમનો સંપર્ક કરવા માટેની બીજી બાબતો, હોય તો, તે બાબતો, પ્રદર્શિત કરવી જોઈશે.

(૩) જાહેર જનતાની ફરિયાદના નિવારણ માટે, ફરિયાદ-નિવારણ અધિકારીનો સરળતાથી સંપર્ક થઈ શકે અને તે સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે, દરેક જાહેર સત્તામંડળ-એ, પોતે જરૂરી ગણે તેવા વિસ્તારો માટે અને તેટલી સંખ્યામાં, પેટાકલમ (૧) હેઠળ ફરિયાદ-નિવારણ અધિકારીની નિમણૂક કરવી જોઈશે અથવા મુકરર કરવા જોઈશે.

(૪) ફરિયાદ નિવારણ અધિકારીએ, ફરિયાદ દાખલ કરવામાં નાગરિકોને તમામ જરૂરી સહાય પૂરી પાડવી જોઈશે.

(૫) ફરિયાદી લેખિતમાં ફરિયાદ કરી શકે તેમ ન હોય, ત્યારે વ્યક્તિએ ફરિયાદ અંગે મૌખિક વિનંતી કર્યે, ફરિયાદ નિવારણ અધિકારીએ, મૌખિક ફરિયાદને લેખિત સ્વરૂપ આપવા તે વ્યક્તિને તમામ વાજબી સહાય કરવી જોઈશે.

૭. ફરિયાદ કરવામાં આવે તે તારીખથી કામકાજના ત્રણ દિવસની અંદર, લેખિતમાં અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમથી અથવા લેખિત સંદેશા (text message)મારફત અથવા ઠરાવવામાં આવે તેવા બીજા કોઈ માધ્યમથી તેની પહોંચ આપીને, તમામ ફરિયાદોની સ્વીકૃતિની જાણ કરવી જોઈશે અને તે પહોંચમાં તારીખ, સમય, સ્થળ, યુનિક (અનન્ય) ફરિયાદ નંબર અને ફરિયાદ સ્વીકારનાર વ્યક્તિની વિગતો તેમજ જે નિયત સમય-મર્યાદાની અંદર ફરિયાદનું નિવારણ કરવું જોઈશે તે સમય-મર્યાદા નિર્દિષ્ટ કરવી જોઈશે. ફરિયાદની પહોંચ આપીને તેની સ્વીકૃતિ બાબત.

૮. (૧) કલમ ૬ હેઠળ કરેલી ફરિયાદ મળ્યેથી,- ફરિયાદ નિવારણ અધિકારીએ લેવાનાં પગલાં બાબત.

(ક) ઠરાવેલી સમય-મર્યાદામાં ફરિયાદનો ઉકેલ લાવવામાં આવેલ છે;

(ખ) ફરિયાદ ઊભી થયાનું કારણ શોધી કાઢવામાં આવેલ છે, ઠરાવેલી સમયમર્યાદામાં સંતોકારક રીતે ફરિયાદનું નિવારણ કરવામાં આવેલ છે અને કસૂર કરનાર વ્યક્તિની જવાબદારી, હોય તો, તે નક્કી કરવામાં આવેલ છે;

(ગ) કોઈ વ્યક્તિના પક્ષે ખામી, બેદરકારી અથવા દુરાચરણને કારણે ફરિયાદ ઊભી થઈ હોય, ત્યારે લાગુ પડતા નિયમો અનુસાર પગલાં લેવામાં આવેલ છે;

તે બાબત સુનિશ્ચિત કરવી એ સંબંધિત ફરિયાદ નિવારણ અધિકારીની ફરજ રહેશે.

(ઘ) સેવા આપવા માટે જવાબદાર વ્યક્તિએ સેવા આપવામાં ઈરાદાપૂર્વક ઉપેક્ષા દાખવેલ છે અથવા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ હેઠળના કેસ માટેના પ્રથમ-દર્શની કારણો અસ્તિત્વમાં છે તેવી ફરિયાદ-નિવારણ અધિકારીને ખાતરી થાય, ત્યારે ફરિયાદ-નિવારણ અધિકારીએ, તે મતલબની નોંધ કરવી જોઈશે અને તે બાબત લેખિતમાં યોગ્ય સત્તાધિકારીને મોકલવી જોઈશે.

સન ૧૯૮૮નો ૪૯મો

(૨) ફરિયાદ-નિવારણ અધિકારીએ તે બાબત સુનિશ્ચિત કરવી જોઈશે કે જે રીતે ફરિયાદનું નિવારણ કરવામાં આવ્યું હોય તે રીત અંગે ફરિયાદીને લેખિતમાં જાણ કરવામાં આવેલ છે.

૯. (૧) ફરિયાદ-નિવારણ અધિકારીએ, જે ફરિયાદનું નિંવારણ ન થયેલ હોય તેવી દરેક ફરિયાદ અંગેનો રિપોર્ટ, ફરિયાદની વિગતો, ફરિયાદના પ્રકાર અને ફરિયાદનું નિવારણ ન થઈ શકવા માટેના કારણો સહિત, ઠરાવેલી સમય-મર્યાદાની અંદર મુકરર સત્તાધિકારીને મોકલવો જોઈશે. ફરિયાદનું નિવારણ ન થયા અંગેની વિગતો મુકરર સત્તાધિકારીને મોકલવા બાબત.

(૨) દરેક જાહેર સત્તામંડળે, કલમ ૨ના ખંડ (ઘ)માં જોગવાઈ કર્યા પ્રમાણે, તમામ વહીવટી એકમો અને કચેરીઓમાં જરૂરી હોય તેટલા અધિકારીઓને મુકરર સત્તાધિકારી તરીકે મુકરર કરવા જોઈશે.

## પ્રકરણ ૫

## મુકરર સત્તાધિકારીને અપીલ

અપીલ. **૧૦.** (૧) કલમ ૯ હેઠળની વિગતો સાથે મોકલવામાં આવેલ દરેક ફરિયાદ, મુકરર સત્તાધિકારીને અપીલ કરવામાં આવી હોય તે જ રીતે દાખલ કરવામાં આવી હોવાનું ગણાશે.

(૨) સંબંધિત ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણયથી નારાજ થયેલી કોઈ પણ વ્યક્તિ અથવા તેના દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના સંબંધમાં, જે રીતે તેની ફરિયાદનું નિવારણ કરવામાં આવેલ હોય તે રીત અંગે જેને લેખિતમાં જાણ કરવામાં ન આવી હોય તેવી કોઈ વ્યક્તિ, એવી મુદત પૂરી થયાના અથવા એવા નિર્ણય અંગે તેને જાણ થયાના ત્રીસ દિવસની અંદર, મુકરર સત્તાધિકારીને અપીલ કરી શકશે :

પરંતુ મુકરર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ફરિયાદી પૂરતા કારણસર સમયસર અપીલ દાખલ કરી શક્યો ન હતો, તો તે, ત્રીસ દિવસની મુદત પૂરી થયા પછી પણ અપીલ સ્વીકારી શકશે.

(૩) મુકરર સત્તાધિકારીએ, કામકાજના ત્રણ દિવસની અંદર, લેખિતમાં અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમથી અથવા લેખિત સંદેશા (text message) મારફ્ત અથવા ઠરાવવામાં આવે તેવા બીજા કોઈ માધ્યમથી અપીલની પહોંચ આપીને પેટા-કલમ (૨) હેઠળ મળેલી અપીલની સ્વીકૃતિની જાણ કરવી જોઈશે.

(૪) પેટા-કલમ (૨) હેઠળ દાખલ કરવામાં આવેલી અથવા પેટા-કલમ (૧) હેઠળ અપીલ હોવાનું ગણાતી દરેક અપીલનો, મુકરર સત્તાધિકારીએ, ઠરાવેલી સમયમર્યાદામાં નિકાલ કરવો જોઈશે.

(૫) મુકરર સત્તાધિકારીએ, લેવામાં આવેલા નિર્ણયની નકલો, ઠરાવેલી સમયમર્યાદાની અંદર, સંબંધિત પક્ષકારોને મોકલવાની વ્યવસ્થા કરવી જોઈશે.

(૬) સંબંધિત અધિકારી બદઈરાદાપૂર્વક કૃત્ય કરે તો અથવા કોઈપણ પૂરતા અને વાજબી કારણ વિના, તેની ફરજોનું પાલન કરવામાં ચૂક કરે તો, મુકરર સત્તાધિકારી, અપીલ અંગે નિર્ણય કરતી વખતે, કલમ ૨૩ ની પેટા-કલમ (૧)માં ઠરાવ્યા પ્રમાણે, તેના પર દંડ નાંખી શકશે :

પરંતુ જાહેર સત્તામંડળના સંબંધિત અધિકારી પર કોઈપણ દંડ નાખવામાં આવે તે પહેલાં તેને સુનાવણીની વાજબી તક આપવી જોઈશે.

(૭) મુકરર સત્તાધિકારીને એમ જણાય કે જાહેર સત્તામંડળના જે અધિકારી સામે વ્યક્તિગત ફરિયાદ કરવામાં આવી હોય તે અધિકારીએ કરેલું કૃત્ય, પ્રથમ દ્રષ્ટિએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ અનુસારનું ભ્રષ્ટ કૃત્ય અથવા આચરણ હોવાનું સૂચિત થાય છે અથવા તેના ઉદાહરણરૂપ છે ત્યારે તેણે, આવા તારણના સમર્થનમાં મળે તેવા પુરાવાની લેખિતમાં નોંધ કરવી જોઈશે અને તે તારણો સમુચિત સત્તામંડળને લેખિતમાં મોકલવા જોઈશે. (સન ૧૯૮૮નો ૪૯મો.)

(૮) મુકરર સત્તાધિકારીએ ફરિયાદ અંગે ન્યાયનિર્ણય કરતી વખતે, કલમ ૪ હેઠળ બહાર પાડેલા જાહેરનામાના પાલન અર્થે સેવાઓ બજાવવા માટે, જાહેર સત્તામંડળના સંબંધિત અધિકારીઓને જરૂરી હોય તેવા પગલાં લેવાનું ફરમાવતા આદેશો આપવાની સત્તા રહેશે.

## પ્રકરણ ૬

## રાજ્ય અપીલ સત્તામંડળને અપીલ

**૧૧.** (૧) ઠરાવેલી સમયમર્યાદાની અંદર નિર્ણય અંગેની જાણ ન થાય તેવી અથવા મુકરર સત્તાધિકારીના નિર્ણયથી નારાજ થયેલી હોય તેવી કોઈપણ વ્યક્તિ, આવી મુદત પૂરી થયાના અથવા આવા નિર્ણય અંગેની જાણ થયાના ત્રીસ દિવસની અંદર રાજ્ય અપીલ સત્તામંડળને અપીલ કરી શકશે : (રાજ્ય અપીલ સત્તામંડળને અપીલ.)

પરંતુ સત્તામંડળને એવી ખાતરી થાય કે ફરિયાદી પૂરતા કારણસર સમયસર અપીલ દાખલ કરી શક્યો ન હતો, તો તે, ત્રીસ દિવસની મુદત પૂરી થયા પછી, પણ અપીલ સ્વીકારી શકશે.

(૨) આ કલમ હેઠળનો રાજ્ય અપીલ સત્તામંડળનો નિર્ણય બંધનકર્તા રહેશે.

**૧૨.** (૧) રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમ હેઠળ સત્તામંડળને મળેલી અથવા તેના પર નાખેલી સત્તા વાપરવા અને તેને સોંપેલા કાર્યો બજાવવા માટે, એક અથવા વધુ રાજ્ય અપીલ સત્તામંડળની રચના કરવી જોઈશે. (રાજ્ય અપીલ સત્તામંડળની રચના.)

(૨) રાજ્ય અપીલ સત્તામંડળ, ઠરાવવામાં આવે તેવા ત્રણથી વધુ ન હોય તેટલા સભ્યોનું બનશે.

**૧૩.** કોઈપણ વ્યક્તિ, સત્તામંડળના સભ્ય તરીકે નિમણૂક માટે પાત્ર થશે નહિ સિવાય કે તે રાજ્ય સરકારનો અધિકારી હોય અથવા તે રાજ્ય સરકારનો અધિકારી રહી ચૂક્યો હોય અને તે રાજ્ય સરકારના સચિવ અથવા અગ્ર સચિવ અથવા અધિક મુખ્ય સચિવ અથવા મુખ્ય સચિવના દરજ્જા અથવા તેને સમકક્ષ દરજ્જાનો હોદ્દો ધરાવતો હોય અથવા ધરાવી ચૂક્યો હોય. (રાજ્ય અપીલ સત્તામંડળના સભ્ય તરીકે નિમણૂક માટેની લાયકાતો.)

**રાજય અપીલ સત્તામંડળના સભ્યના હોદ્દાની મુદત.**

૧૪. સત્તામંડળના સભ્ય તરીકે નિમાયેલી વ્યક્તિ, તે હોદ્દો ધારણ કરે તે તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી અથવા તેની વય પાંસઠ વર્ષની થાય, એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે :

પરંતુ સત્તામંડળના સભ્ય તરીકે નિમાયેલા રાજય સરકારના અધિકારી, તે જે સમયગાળા સુધી રાજય સરકારના અધિકારી હો, તે સમયગાળાથી વધુના સમયગાળા માટે હોદ્દો ધરાવશે નહિ.

**રાજય અપીલ સત્તામંડળના સ્ટાફ, પગાર અને ભથ્થાં.**

૧૫. (૧) રાજય સરકાર, આ અધિનિયમ હેઠળના પોતાના કાર્યો અસરકારક રીતે બજાવવા માટે, જરૂરી હોય તેવા અધિકારીઓ અને કર્મચારીઓ સત્તામંડળને પૂરા પાડવા જાઈશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ આવી રીતે નિમાયેલા અધિકારીઓ અને કર્મચારીઓએ, સત્તામંડળની સામાન્ય દેખરેખ હેઠળ પોતાના કાર્યો બજાવવા જોઇશે :

(૩) સત્તામંડળના સભ્યને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો, ઠરાવવામાં આવે તેવા રહેશે :

પરંતુ કોઇ સભ્ય, તેની નિમણૂકના સમયે રાજય સરકાર હેઠળની હોય તેવી કોઇપણ પૂર્વ-સેવાના સંબંધમાં, અશકતતા પેન્શન અથવા ઇજા-પેન્શન સિવાયનું પેન્શન મેળવતા હોય તો રાજય અપીલ સત્તામંડળના સભ્ય તરીકેની તેની સેવાના સંબંધમાં તેનો પગાર, રૂપાંતરિત કરવામાં આવ્યા હોય તેવા પેન્શનના કોઇપણ ભાગ સહિત તે પેન્શનની રકમ અને તેને સમકક્ષ પેન્શન અથવા નિવૃત્તિ ગ્રેજયુઇટી સિવાયના બીજા પ્રકારના નિવૃત્તિ લાભોને સમકક્ષ પેન્શનની રકમ જેટલો ઘટાડવો જોઇશે :

વધુમાં, કોઈ સભ્ય તેની નિમણૂકના સમયે સભ્ય, કોઇપણ રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપાયેલા કોર્પોરેશનમાં અથવા રાજય સરકારની માલિકીની અથવા તેના નિયંત્રણ હેઠળની સરકારી કંપનીમાં બજાવેલી કોઇપણ પૂર્વ-સેવાના સંબંધમાં, નિવૃત્તિ લાભો મેળવતો હોય ત્યારે, સભ્ય તરીકે તેની સેવાના સંબંધમાં તેનો પગાર, નિવૃત્તિ લાભને સમકક્ષ પેન્શનની રકમથી ઘટાડવો જોઇશે :

વળી, રાજય અપીલ સત્તામંડળના સભ્યના પગાર અને ભથ્થાં અને તેની સેવાની બીજી બોલીઓ અને શરતોમાં, નિમણૂક પછી તેને ગેરલાભ થાય તે રીતે ફેરફાર કરવો જોઈશે નહિ.

**રાજીનામું અને દૂર કરવા બાબત.**

૧૬. (૧) રાજય અપીલ સત્તામંડળનો કોઇપણ સભ્ય, સરકારના મુખ્ય સચિવને સંબોધીને, પોતાની સહીથી લેખિતમાં નોટિસ આપીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે.

(૨) પેટા-કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજય સરકાર, હુકમથી, કોઇ સભ્યને જો તે-

(૧) નાદાર ઠરાવેલ હોય; અથવા

(૨) રાજય સરકારના અભિપ્રાય મુજબ નૈતિક અધઃપતનવાળા કોઇ ગુના માટે દોષિત ઠરાવવામાં આવ્યો હોય; અથવા

(૩) તેના હોદ્દાની મુદત દરમિયાન, તેના હોદ્દાની ફરજો ઉપરાંત કોઇ સવેતન નોકરીમાં રોકાયેલ હોય; અથવા

(૪) રાજય સરકારના અભિપ્રાય મુજબ, મન અથવા શરીરની અશકતતાને કારણે હોદ્દા પર ચાલુ રહેવા અયોગ્ય હોય; અથવા

(૫) સભ્ય તરીકે તેની કાર્યોને પ્રતિકૂળ રીતે અસર પહોંચાડે તેવા નાણાકીય અથવા અન્ય હિત સંપાદિત કરેલ હોય,

તો તેને હોદ્દા પરથી દૂર કરી શકશે.

(૩) રાજય સરકાર, નિયમોથી, સભ્યની ગેરવર્તણૂક અથવા અસમર્થતાની તપાસ માટેની કાર્યરીતિનું નિયમન કરી શકશે.

સન ૧૯૦૮નો ૫મો.

રાજય અપીલ સત્તામંડળની સત્તા અને તેની સમક્ષની કાર્યરીતિ.

૧૭. (૧) સત્તામંડળને, આ અધિનિયમ હેઠળના પોતાના કાર્યોના હેતુઓ માટે, નીચેની બાબતોના સંબંધમાં દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટમાં નિહિત થયેલ હોય તેવી સત્તા રહેશેઃ-

(૧) કોઇપણ વ્યકિતને બોલાવવાની અને હાજર રખાવવાની અને સોગંદ ઉપર તેની જુબાની લેવાની;

(૨) કોઇપણ દસ્તાવેજ અથવા પુરાવા તરીકે રજૂ કરી શકાય એવી બીજી કોઇપણ મહત્વની વસ્તુ શોધવાની અને રજૂ કરવાની;

(૩) સોગંદનામા પર પુરાવો મેળવવાની;

(૪) કોઇપણ જાહેર રેકર્ડ મંગાવવાની;

(૫) સાક્ષીઓ તપાસવા માટે કમિશનો કાઢવાની;

(૬) ઠરાવવામાં આવે તેવી બીજી કોઇપણ બાબત;

સન ૧૯૦૮નો ૫મો.

(૨) સત્તામંડળને, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ માં નિયત કરેલી કાર્યરીતિ બંધનકર્તા રહેશે નહિ પરંતુ તેણે કુદરતી ન્યાયના સિધ્ધાંતોને અનુસરવું જોઈશે અને આ અધિનિયમની અને તે હેઠળ કરેલા કોઇ નિયમોની બીજી જોગવાઇઓને અધીન રહીને, સત્તામંડળને પોતાની કાર્યરીતિનું નિયમન કરવાની સત્તા રહેશે.

નિર્ણયની નકલો પહોંચાડવા બાબત.

૧૮. સત્તામંડળે, ઠરાવેલ સમયમર્યાદાની અંદર સંબંધિત પક્ષકારોને નિર્ણયની નકલો પહોંચાડવાની ગોઠવણ કરવી જોઇશે.

સન ૧૮૬૦નો ૪૫મો.

સ્ટાફ અને અધિકારીઓ રાજય સેવકો ગણાશે.

૧૯. સત્તામંડળનો સ્ટાફ અને તેના અધિકારીઓ ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો ગણાશે.

રાજય અપીલ સત્તામંડળ દ્વારા ન્યાય નિર્ણયની કાર્યરીતિ.

૨૦. (૧) સત્તામંડળને ફરીયાદ અંગેનો ન્યાયનિર્ણય કરતી વખતે કલમ ૪ હેઠળ બહાર પાડેલા જાહેરનામાના પાલન અર્થે સેવા પૂરી પાડવા માટે જરૂરી હોય તેવા પગલાં લેવાનું ફરમાવતા આદેશો જાહેર સત્તામંડળને આપવાની સત્તા રહેશે.

(૨) (ક) મુકરર સત્તાધિકારીને અપીલ કરવા અસમર્થ થઇ હોય તેવી;

(ખ) આ અધિનિયમ હેઠળ જેની ફરિયાદના નિવારણનો ઇનકાર કરાયેલો હોય તેવી;

(ગ) નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાની અંદર જેની ફરિયાદનો નિકાલ કરાયેલો ન હોય તેવી;

(ઘ) આ અધિનિયમ હેઠળની ફરિયાદ અથવા અપીલની નોંધણી કરવા અને તેને નિવારવાને લગતી બીજી કોઈ બાબતના સંબંધમાં હોય તેવી,

કોઇ વ્યકિત પાસેથી ફરિયાદ લેવાની અને ફરિયાદ અંગે તપાસ કરવાની સત્તામંડળની ફરજ રહેશે.

સાબિત કરવાની જવાબદારી ફરિયાદ નિવારણ અધિકારી પર હોવા બાબત.

૨૧. કોઇપણ અપીલ કાર્યવાહીઓમાં, ફરિયાદનું નિવારણ ન થયું હોય તે બાબત સાબિત કરવાની જવાબદારી, જેમણે વિનંતીનો અસ્વીકાર કર્યો હોય તેવા ફરિયાદ નિવારણ અધિકારીની રહેશે.

થયેલી ફરિયાદ ભ્રષ્ટ આચરણના કારણે હોય ત્યારે.

૨૨. સત્તામંડળને એવું જણાય કે જાહેર સત્તામંડળના જે જવાબદાર અધિકારી સામે ફરિયાદ કરવામાં આવી હોય તે અધિકારીએ કરેલ કૃત્ય, પ્રથમ દર્શનીય રીતે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ અનુસારનું ભ્રષ્ટ કૃત્ય અથવા આચરણ હોવાનું સૂચિત થાય છે, ત્યારે તેણે આવા તારણના સમર્થનમાં મળે તેવા પુરાવાની નોંધ કરવી જોઇશે અને તે તારણો સમુચિત સત્તામંડળને મોકલવા જોઇશે.

સન ૧૯૮૮નો ૪૯મો.

## પ્રકરણ ૭

## શિક્ષા અને વળતર

બદઇરાદા-પૂર્વકના પગલા માટે શિક્ષા અને વળતર.

૨૩. (૧) મુકરર સત્તાધિકારી અથવા રાજય અપીલ સત્તામંડળ, અરજદાર જેના માટે હકદાર હોય તેવી કોઇ સેવા બજાવવા માટે જવાબદાર મુકરર અધિકારીને અથવા બદઇરાદાપૂર્વક કૃત્ય કરવા માટે અથવા કોઇ પૂરતા અને વાજબી કારણ વિના પોતાની ફરજો બજાવવામાં નિષ્ફળ જવા માટે ફરિયાદ-નિવારણ અધિકારીને, ઊચક રકમનો દંડ કરી શકશે, જે ઓછામાં ઓછા એક હજાર રૂપિયાથી દસ હજાર રૂપિયા સુધીનો રહેશે, અને જેના પર દંડ નાખવામાં આવ્યો હોય તેવા અધિકારીના પગારમાંથી તે દંડ વસૂલ કરવો જોઇશે :

પરંતુ આ કલમ હેઠળ સંબંધિત અધિકારી પર કોઇ દંડ નાખતાં પહેલાં તેને સુનાવણીની વાજબી તક આપવી જોઇશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલ દંડ કર્યેથી, રાજય અપીલ સત્તામંડળ અથવા યથાપ્રસંગ, સત્તાધિકારી, હુકમથી, આદેશ કરી શકશે કે પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલો દંડનો પોતે યોગ્ય ગણે, તેટલો ભાગ, અપીલ કરનાર અરજદારને વળતર તરીકે આપવો જોઈશે. :

પરંતુ આવા વળતર તરીકે આપેલી રકમ, આ કલમ હેઠળ કરવામાં આવેલા દંડની રકમથી વધુ હોવી જોઇશે નહિ.

(૩) પેટા-કલમ (૧) હેઠળ કોઇ રાજય સેવક દોષિત જણાય તો, શિસ્ત સત્તાધિકારીએ, આ અધિનિયમની કોઈપણ જોગવાઈના સંબંધમાં બદઇરાદાપૂર્વક કરેલ કોઇ કૃત્ય માટે દોષિત સાબિત થયેલા, જાહેર સત્તામંડળના આવા અધિકારી સામે શિસ્તવિષયક કાર્યવાહી શરૂ કરવી જોઇશે અને તે શિસ્ત સત્તાધિકારી નક્કી કરે તેવી શિક્ષાને પાત્ર થશે.

## પ્રકરણ ૮

## જાહેર સત્તામંડળ દ્વારા ફરિયાદ-નિવારણનો રિપોર્ટ કરવા બાબત

**૨૪.** (૧) દરેક જાહેર સત્તામંડળે, દરેક ફરિયાદ-નિવારણ અધિકારી દ્વારા, તેને કરવામાં આવેલી ફરિયાદો અથવા તે અંગેની અપીલ અને આવી ફરિયાદો અને અપીલ અંગે કરેલા નિર્ણયોનો રેકર્ડ રાખવામાં આવે. એ સુનિશ્ચિત કરવું જોઈશે. રિપોર્ટ રાખવાની આવશ્યકતા બાબત.

(૨) દરેક જાહેર સત્તામંડળે, ઠરાવેલી રીતે અને ઠરાવેલી સમય-મર્યાદામાં, નીચે જણાવેલી બાબતોને સમાવેશ કરેલો રિપોર્ટ પ્રસિદ્ધ કરવો જોઇશે-

(ક) મળેલી અપીલ અને ફરિયાદોની સંખ્યા;

(ખ) નિકાલ કરેલ હોય તેટલી અપીલ અને ફરિયાદોની સંખ્યા;

(ગ) નિકાલ-બાકી(અનિર્ણિત) હોય તેવી અપીલ અને ફરિયાદોની સંખ્યા;

(ઘ) આ અધિનિયમ હેઠળના પોતાના કાર્યો બજાવવા માટે ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો.

## પ્રકરણ ૯

## પ્રકીર્ણ

**૨૫.** ફરિયાદ-નિવારણ અધિકારી અથવા મુકરર અધિકારી અથવા રાજય અપીલ સત્તામંડળને, અધિકારીને, આ અધિનિયમથી અથવા તે હેઠળ જે પ્રશ્ન અથવા બાબત માટે પતાવટ કરાવવાની, સમાધાન કરાવવાની અથવા તજવીજ કરવાની અથવા નિર્ણય કરવાની સત્તા મળેલ હોય તેવા કોઇ પ્રશ્ન અથવા તેવી કોઇ બાબત અંગે પતાવટ કરાવવાની, સમાધાન કરાવવાની અથવા તજવીજ કરવાની અથવા નિર્ણય કરવાની હકૂમત કોઇપણ દીવાની કોર્ટને રહેશે નહિ. કોર્ટની હકૂમતને બાધ.

રાજ્ય અપીલ સત્તામંડળ દ્વારા હુકમોનો અમલ કરાવવા બાબત.

૨૬. રાજય અપીલ સત્તામંડળ તેણે કરેલ દરેક હુકમનો, જાણે કે તે કોઈ કોર્ટના અનિર્ણિત દાવા અંગે તે કોર્ટે કરેલ હુકમનામું અથવા હુકમ હોય તે જ રીતે તેનો અમલ કરાવી શકશે અને સત્તામંડળ માટે, તેનો અમલ કરાવવાની તેની અસમર્થતાના કિસ્સામાં,

(ક) ખંડો (ખ) અને (ગ) હેઠળ ન આવતા હોય તેવા જાહેર સત્તામંડળના કિસ્સામાં, આવા જાહેર સત્તામંડળની મુખ્ય કચેરી જયાં આવેલી હોય તે સ્થળ; અથવા

(ખ) કંપની હોય તેવા જાહેર સત્તામંડળની સામે કરાયેલ હુકમના કિસ્સામાં, કંપનીની રજિસ્ટર્ડ કચેરી આવેલી હોય તે સ્થળ; અથવા

(ગ) બીજી કોઈ વ્યક્તિ સામે કરાયેલ હુકમના કિસ્સામાં, સંબંધિત વ્યક્તિ જયાં સ્વૈચ્છિક રીતે રહેતી હોય અથવા ધંધો ચલાવતી અથવા નફા (લાભ) માટે વ્યક્તિગત રીતે કામ કરતી હોય, તે સ્થળ;

જે કોર્ટની હુકમ હકૂમતની સ્થાનિક હદોની અંદર આવતા હોય તેવી કોર્ટને, તેવો હુકમ મોકલવાનું કાયદેસર ગણાશે, અને

તેમ થયે, આવી રીતે જે કોર્ટને હુકમ મોકલવામાં આવ્યો હોય, તે કોર્ટ, જાણે કે તે હુકમનામું અથવા હુકમ તેને અમલ કરાવવા માટે મોકલવામાં આવેલ હોય, તે જ રીતે તેનો અમલ કરાવશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

૨૭. કોઇ વ્યક્તિ સામે-

(ક) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્યના સંબંધમાં; અથવા

(ખ) સેવા પૂરી પાડવા વિલંબ કરે અથવા સેવા પૂરી પાડવા અસમર્થ રહે, તો આવો વિલંબ અથવા અસમર્થતા, સેવા આપવા માટે જવાબદાર હોય તેવી વ્યક્તિના કાબૂ બહારના વાજબી કારણોસર થયો હોય ત્યારે;

કોઇપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

જોગવાઇઓ વિદ્યમાન કાયદા ઉપરાંતની રહેશે.

૨૮. આ અધિનિયમની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ.

નિયમો કરવાની અને તેને મૂકવાની સત્તા.

૨૯. (૧) રાજ્ય સરકાર, *રાજપત્ર*માં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, આ અધિનિયમ સાથે અસંગત ન હોય તેવા નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકશે :-

(૧) કલમ ૬ની પેટા-કલમ (૧) હેઠળ કોઇ ફરિયાદ સ્વીકારવા, તેની તપાસ કરવા અને તેનું નિવારણ કરવાની રીત બાબત;

(૨) કલમ ૭ હેઠળ મળેલી ફરિયાદોની સ્વીકૃતિની જાણ કરવાની રીત અને ફરિયાદ મેળવનારની વિગતો અને નિવારણ માટેની સમય-મર્યાદા બાબત;

(૩) કલમ ૮ની પેટા-કલમ (૧) હેઠળ ફરિયાદ નિવારણ માટેની સમય મર્યાદા બાબત;

(૪) કલમ ૯ હેઠળ ફરિયાદ નિવારણ અધિકારીએ જે સમયમર્યાદાની અંદર મુકરર સત્તાધિકારીને રિપોર્ટ કરવો જોઇશે તે સમયમર્યાદા બાબત;

(૫) કલમ ૧૦ની પેટા-કલમ (૩) હેઠળ ફરિયાદની સ્વીકૃતિની જાણ કરવા માટેના બીજા માધ્યમો બાબત;

(૬) કલમ ૧૦ની પેટા-કલમ (૪) હેઠળ અપીલના નિકાલ માટેની સમયમર્યાદા બાબત;

(૭) કલમ ૧૦ની પેટા-કલમ (૫) હેઠળ મુકરર સત્તાધિકારીએ જે સમયમર્યાદાની અંદર સંબંધિત પક્ષકારોને નિર્ણયની નકલો મોકલવી જોઇશે તે સમયમર્યાદા બાબત;

(૮) કલમ ૧૧ની પેટા-કલમ (૧) હેઠળ જે સમયમર્યાદાની અંદર મુકરર સત્તાધિકારીના નિર્ણય સામે અથવા જે સમયમર્યાદાની અંદર નિર્ણય અંગેની જાણ ન થાય તો, અપીલ કરવી જોઇશે તે સમયમર્યાદા બાબત;

(૯) કલમ ૧૨ની પેટા-કલમ (૨) હેઠળ રાજય અપીલ સત્તામંડળના સભ્યોની સંખ્યા બાબત;

(૧૦) કલમ ૧૫ હેઠળ રાજય અપીલ સત્તામંડળના સભ્યોને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો બાબત;

(૧૧) કલમ ૧૬ની પેટા-કલમ (૩) હેઠળ રાજય અપીલ સત્તામંડળના સભ્યની ગેરવર્તણૂક અથવા અસમર્થતાની તપાસ માટેની કાર્યરીતિનું નિયમન કરવા બાબત;

(૧૨) કલમ ૧૭ની પેટા-કલમ (૧) ના ખંડ (૬) હેઠળ રાજય અપીલ સત્તામંડળને જે બીજી બાબતો માટે દીવાની કોર્ટની સત્તા રહેશે તેવી બીજી બાબતો;

(૧૩) કલમ ૨૪ની પેટા-કલમ (૨) હેઠળ જાહેર સત્તામંડળે, જે રીતે અને જે સમયમર્યાદાની અંદર, તેનો રિપોર્ટ અને પોતાના કાર્યો બજાવવા માટેની બીજી વિગતો પ્રસિદ્ધ કરવી જોઇશે તે રીત અને તે સમયમર્યાદા બાબત;

(૧૪) આ અધિનિયમ હેઠળના નિયમોથી જોગવાઇ કરેલ હોય અથવા જોગવાઇ કરવામાં આવે તેવી બીજી કોઇ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવે તે અથવા તેની તરત પછીના સત્ર દરમિયાન, રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાં જે કંઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ, એ રીતે જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તે *રાજપત્ર*માં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૩૦. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય તો, રાજય સરકાર, *રાજપત્ર*માં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભથી બે વર્ષ પૂરા થયા પછી, આ કલમ હેઠળ કોઇ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલ દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

----------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.